# G20 મહેમાનોને રાષ્ટ્રપતિના આમંત્રણને લઈને રાજકીય ઘમસાણ

સંસદના વિશેષ સત્રની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તેમ-તેમ અટકળોનું બજાર પણ ગરમ થઈ રહ્યું છે. વિશેષ સત્રમાં સરકાર શું કરવા જઈ રહી છે તેની કોઈને જાણ નથી. આ દરમિયાન કોંગ્રેસના નેતા જયરામ રમેશ તરફથી એક ટ્વિટ આવ્યું છે, જેમાં તેમણે કહ્યું છે કે જી-૨૦ કોન્ફરન્સના સન્માનમાં આયોજિત ડિનરમાં ભારતના રાષ્ટ્રપતિને બદલે રાષ્ટ્રપતિ લખવામાં આવ્યું છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે પોતાના ટ્વિટમાં લખ્યું છે કે આ સમાચાર ખરેખર સાચા છે. ૯ સપ્ટેમ્બરે યોજાનાર જી-૨૦ ડિનર માટે રાષ્ટ્રપતિ ભવન તરફથી મોકલવામાં આવેલા આમંત્રણમાં પ્રેસીડેન્ટ ઓફ ઈન્ડિયાની જગ્યા પર ભારતના રાષ્ટ્રપતિ લખવામાં આવ્યું છે. જો આપણે બંધારણની કલમ ૧ વાંચીએ તો તેમાં લખ્યું છે કે ભારત રાજયોનો સમૂહ હશે. કોંગ્રેસ નેતાએ લખ્યું કે હવે રાજયોનો સમૂહ પણ ખતરામાં છે. કેન્દ્ર સરકારે ૧૮ થી ૨૨ સપ્ટેમ્બર સુધી સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે. આ દરમિયાન અમૃત કાલ સંબંધિત વિષયો પર ચર્ચા કરવાનું કહેવામાં આવ્યું છે. જો કે હજુ સુધી કોઈ ચોક્કસ એજન્ડા સામે આવ્યો નથી. આ જ કારણ છે કે વિવિધ પ્રકારની વાતો થઈ રહી છે. વિશેષ સત્ર દરમિયાન એવી અટકળો છે કે એક દેશ એક ચૂંટણી, મહિલા અનામત બિલ, ભારતને બદલે ભારત જેવા બિલ અથવા પ્રસ્તાવો રજૂ કરવામાં આવી શકે છે.આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ પણ મંગળવારે ટ્વીટ કરીને લખ્યું કે ભારતીય પ્રજાસત્તાક, આ ખુશી અને ગર્વની વાત છે કે આપણો દેશ અમૃતકાળની દિશામાં આગળ ધપી રહ્યો છે. ભારતનું નામ બદલાશે?.. જે વિષે જણાવીએ, જો આપણે ભારત અને ભારત નામની વાત કરીએ તો ચર્ચા ચાલી રહી છે કે બંધારણમાં જ્યાં પણ ઈન્ડિયા શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**પીવાના મીઠા પાણીનો સપ્લાય, મશીન ક્રશ્ડ સ્ટોન બેલૈસ્ટનો સપ્લાય અને પેટ્રોલમેન/કીમેનમાટે સાથીનું આઉટસોર્સિંગ**

**નં. W/118/NIT/E-Tender/2023-24/WA/18 તારીખ : 31/08/2023; ઈ-ટેન્ડર નં. 87/2023-24 થી 90/2023-24-R; ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્ય) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે :**

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 87/2023-24 | એડીઈએન - ધોળકા સબ ડિવિઝન: વિવિધ સ્થળો ગેંગ હટ, સ્ટાફ કોલોની વગેરે પર પીવાના મીઠા પાણીનો સપ્લાય બે વર્ષના સમયગાળા માટે કોન્ટ્રાકટરની પોતાની તમામ વ્યવસ્થા સાથે. | 63,88,056.36 | 1,27,800.00 |
| 02 | 88/2023-24 | કેશોદ ડેપોમાં 25026.40 cum મશીન ક્રશ્ડ સ્ટોન બેલાસ્ટનો સપ્લાય હોપર વેગનમાં લોડિંગ સહિત અને સેસ (એમજી સેક્શન) જૂનાગઢ – વિસાવદર, ધારી – વિસાવદર, વિસાવદર – વેરાવળ, તલાલા – દેલવાડા પર 57098.66 કમ મશીન ક્રશ્ડ સ્ટોન બેલાસ્ટનો સપ્લાય. ટ્રેક પર બેલેસ્ટ નાંખવા / પાથરવા સહિત, બે વર્ષના સમયગાળા માટે. એડીઈએન-જૂનાગઢ અધિકારક્ષેત્ર હેઠળ ભાવનગર ડિવિઝનના મંજૂર થયેલા કામ સામે: 50mm સાઈઝના મશીન ક્રશ્ડ સ્ટોન બેલાસ્ટનો સપ્લાય. હોપર વેગનમાં લોડિંગ સહિત, બે વર્ષના સમયગાળા માટે. | 7,86,77,226.84 | 5,43,400.00 |
| 03 | 89/2023-24 | એડીઈએન ધોળકા અધિકારક્ષેત્ર હેઠળ જલીલા ડિપોમાં 47744.44 cum મશીન ક્રશ્ડ સ્ટોન બેલૈસ્ટનો સપ્લાય હોપર વેગનમાં લોડિંગ સહિતની બે વર્ષના સમયગાળા માટે. ભાવનગર ડિવિઝનના મંજૂર થયેલા કામ સામે : 50mm સાઈઝના મશીન ક્રશ્ડ સ્ટોન બેલૈસ્ટનો સપ્લાય હોપર વેગનમાં લોડિંગ સહિત બે વર્ષના સમયગાળા માટે. | 4,26,01,408.92 | 3,63,000.00 |
| 04 | 90/2023-24 -R | ડીઇએન / પીઆરસીએલ / બીવીપીના અધિકારક્ષેત્ર હેઠળ પીઆરસીએલ સેક્શનમાં પેટ્રોલમેન/કીમેનમાટે સાથીનું આઉટસોર્સિંગ. 02 વર્ષના સમયગાળા માટે. | 1,82,30,750.40 | 2,41,200.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 08/09/2023; **બિડિંગ બંધ થવાની તારીખ:** 22/09/2023; **એનઆઈટી ને રેલવેની વેબ સાઈટ** www.ireps.gov.in પર **31/08/2023** ના રોજ અપલોડ કરવામાં આવેલ છે. 71

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## શુક્ર જ્વેલરી લિમિટેડ

CIN No.: L52393GJ1991PLC079516

રજી.ઓફિસ : પંચધારા કોમ્પ્લેક્ષ, ત્રીજો માળ, ધ ગ્રાન્ડ ભગવતી હોટલ પાસે, એસ.જી.હાઈવે, બોડકદેવ, અમદાવાદ જીજે

### નોટિસ

**આથી જાણ કરવામાં આવે છે કે શુક્ર જ્વેલરી લિમિટેડની ૩૨મી વાર્ષિક સામાન્ય સભા શનિવાર, સપ્ટેમ્બર ૩૦, ૨૦૨૩ના રોજ સાંજે ૪-૦૦ કલાકે (આઈએસટી) પંચધારા કોમ્પ્લેક્ષ, ત્રીજો માળ, ધ ગ્રાન્ડ ભગવતી હોટલ પાસે, એસ.જી.હાઈવે, બોડકદેવ, અમદાવાદ જીજે ૩૮૦૦૫૪ ભારત ખાતે તા.૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ની નોટિસમાં જણાવેલ વ્યવસાયના વ્યવહારો કરવા માટે યોજવામાં આવશે. કોવિડ-૧૯ના અનુસંધાનમાં કોર્પોરેટ બાબતના મંત્રાલય દ્વારા જારી કરાયેલા પરિપત્રોના સંદર્ભમાં, સેબી ૧૯-૧૨-૨૦૨૦નો પરિપત્ર નંબર SEBI/HO/CFD/CMD/CIR/P/2020/242 અને એમસીએ અને સેબી દ્વારા જારી કરેલા સમયે સમયે સુધારેલા અન્ય પરિપત્રોનું પાલન કરતાં કંપની ૩૨મી એજીએમની નોટિસ વર્ષ ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ સાથે ઈલેકટ્રોનિક માધ્યમથી સભ્યોને કે જેમના ઈ-મેલ આઈડી કંપની કે ડિપોઝિટરીસ સાથે નોંધાયેલા છે તેવા સભ્યોને મોકલી આપશે. વાર્ષિક અહેવાલ સાથે એજીએમ નોટિસ કંપનીની વેબસાઈટ www.shukrajewellery.com પર તથા એનએસડીએલની વેબસાઈટ www.evoting.nsdl.com પર અને બીએસઈની વેબસાઈટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે. ભૌતિક સ્વરૂપમાં શેરધરાવતા શેરધારકો પોતાનો ઈ-મેલ આઈડી કંપની સાથે નોંધાવેલ નથી તેઓ આરટીઓનો સંપર્ક કરે અથવા એજીએમની નોટિસમાં આપવામાં આવેલ સૂચનાઓનું પાલન કરે. જે સભ્યો પોતાનું ઈ-મેલ આઈડી કંપની સાથે નોંધણી કરાવા માંગતા હોય તેઓ આરટીએ નો સંપર્ક કરે અથવા ૨-૯-૨૩ની એજીએમની નોટિસમાં આપવામાં આવેલ સૂચનાઓનું પાલન કરે.**

**કંપની અધિનિયમ,૨૦૧૩ની કલમ ૯૧ની જોગવાઈઓનું પાલન કરતાં, એલઓડીઆર,૨૦૧૫ના રેગ્યુલેશન ૪૨ સાથે વાંચતા, સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ શનિવાર, સપ્ટેમ્બર ૨૩, ૨૦૨૩ થી શનિવાર, સપ્ટેમ્બર ૩૦, ૨૦૨૩ સુધી (બંને દિવસો સહિત) ૩૨મી એજીએમના હેતુ માટે બંધ રહેશે.**
**કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૦૮ની જોગવાઈઓનું પાલન કરતાં, કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ,૨૦૧૪ના રૂલ ૨૦ સાથે વાંચતા, કંપની તેમના શેરધારકોને ઈલેકટ્રોનિક માધ્યમથી (ઈ-વોટિંગ) એજીએમ દરમિયાન ઠરાવો પસાર કરવા માટે પોતાનો મત આપવાની સુવિધા પ્રદાન કરે છે. કંપનીઝ એકટ,૨૦૧૩ની જોગવાઈઓનું પાલન કરવા માટે જરૂરી નિયમો અને વિગતો નીચે મુજબ છે :**

| | | |
|---|---|---|
| ૧. | નોટિસ રવાનગીનું કાર્ય પૂર્ણ થયા તારીખ | ૦૫-૦૯-૨૦૨૩ |
| ૨. | ઈલેકટ્રોનિક માધ્યમથી વોટિંગ શરૂ થવાની તારીખ અને | બુધવાર, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે |
| ૩. | ઈલેકટ્રોનિક માધ્યમથી વોટિંગ પૂર્ણ થવાની તારીખ અને | શુક્રવાર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે |
| ૪. | ઈલેકટ્રોનિક માધ્યમથી વોટિંગ કરવાની મંજૂરી | શુક્રવાર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે |
| ૫. | ૩૨મી ઓજીએમની નોટિસ કંપનીની વેબસાઈટ અને | www.evoting.nsdl.com www.bseindia.com www.shukrajewellery.com |
| ૬. | ઈ-વોટિંગની પાત્રતા નક્કી કરતી કટ-ઓફ તારીખ | શનિવાર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩ |
| ૭. | વીસી/ ઓએવીએમ દ્વારા ઈ-વોટિંગ દરમિયાન કોઈપણ પ્રશ્નો કે ફરિયાદ માટે જવાબદાર વ્યક્તિની સંપર્ક માટેની | ચંદ્રકાન્ત હિમ્મતલાલ શાહ ડિરેક્ટર ઈ-મેલ : shukrajewellery@yahoo.co.in સરનામું : પંચધારા કોમ્પ્લેક્ષ, ત્રીજો માળ, ધ ગ્રાન્ડ ભગવતી હોટલ પાસે, એસ.જી.હાઈવે, બોડકદેવ, અમદાવાદ જીજે ૩૮૦૦૫૪ ભારત. |

**એજીએમ દરમિયાન બેલેટ પેપર દ્વારા મત આપવાની સુવિધા રાખવામાં આવશે નહીં તથા સભ્યો જે રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપેલ નથી તેવા સભ્યો એજીએમ દરમિયાન ઈ-વોટિંગ કરી શકશે.**
**જે સભ્યોએ પોતાનો મત એજીએમ અગાઉ રિમોટ ઈ-વોટિંગ દ્વારા આપેલ છે તેઓ એજીએમમાં હાજર રહી શકશે પરંતુ ફરીથી મત આપી શકશે નહીં.**
**કોઈ પણ વ્યક્તિ જે શેર મેળવી કંપનીના સભ્ય એજીએમની નોટિસ મોકલ્યા બાદ બન્યા છે અને કટ-ઓફ તારીખે શેર ધારણ કરેલ છે એટલે કે શનિવાર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩ તેઓ રિમોટ ઈ-વોટિંગ દ્વારા મત આપવા માટે યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવા ઈ-મેલ evoting@nsdl.co.in પર વિનંતી લખી મોકલી શકે છે.**
**જે વ્યક્તિનાં નામ સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં જાળવવામાં આવેલ છે કટ-ઓફ તારીખે એટલેકે ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩નારોજ નોંધાયેલ છે તેવા સભ્યો જ માત્ર એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ માટે તથા મત** આપવા માટે સુવિધા મેળવવા હકદાર છે.

શુક્ર જ્વેલરી લિમિટેડ માટે,
સહી
ચંદ્રકાન્ત હિમ્મતલાલ શાહ
ડિરેક્ટર
(ડીન : ૦૧૧૮૮૦૦૧)


તારીખ : ૦૨/૦૯/૨૦૨૩
સરનામું : અમદાવાદ

"પ્રવાસ સૌરભ"


# કચ્છ પ્રવાસ (મણકો ૧૩) : વંદે માતરમ સ્મારક (ભાગ ૫), ભુજોડી, ભુજ



**ડૉ. વિનીત પરીખ, અમદાવાદ**
**(મો. નં. ૯૮૨૫૩૩૯૮૯૬)**







એકંદરે જોઈએ તો આ "વંદે માતરમ" મેમોરિયલ એક સ્વાતંત્ર્ય મંદિર છે. આપણી આઝાદીનું મંદિર. પરંતુ પ્રસિદ્ધ મંદિરોમાં હોય છે તેવી જ સમસ્યા અહીં પણ ઊભી થાય છે. જેમકે વૈષ્ણોદેવી અથવા તિરુપતિ બાલાજીના મંદિરમાં કલાકો સુધી કતારમાં ઊભા રહ્યા પછી ગણતરીની સેકન્ડો માટે જ પ્રભુના દર્શનનો લાભ મળે છે. અહીં પણ મુલાકાતીઓનો એટલો બધો ધસારો રોજ જ હોય છે, કે બધાને ન્યાય આપવાના શુભ ઉદેશથી અહીંના કાર્યકરો, સ્વયંસેવકો અને ગાઈડો.... આપણને 'આગળ વધો, આગળ વધો' કહી દરેક કક્ષમાંથી ગણતરીની મિનિટોમાં જ બીજા કક્ષમાં લઈ જાય છે ! વળી ફોટોગ્રાફી પણ પ્રતિબંધિત ! નજરોથી જોઈને મગજમાં ફોટા ઉતારીએ, ત્યાં તો સ્વયંસેવક આગળ લઈ જાય ! લાગે છે કે આઝાદીના આ આટલાં ભવ્ય મંદિરમાં શાંતિથી ભક્તિ કરવી હોય.... એટલે કે, બધું ખૂબ ઝીણવટથી જોવું, જાણવું, માણવું અને અંતરમાં ઉતારવું હોય; તો મુલાકાતી તરીકે નહીં, પરંતુ અહીંના સ્ટાફ તરીકે જોડાવું પડે ! ચાલો, કક્ષ ૧ થી ૬ જોયા પછી હવે આપણી સ્વાતંત્ર્ય-સંગ્રામની યાત્રા આગળ વધારીએ.

કક્ષ ૭ : અસહકાર આંદોલન (૧૯૨૦)

અંગ્રેજો સામે લોક-ચેતના જગાવવાના ગાંધીજીના અસંખ્ય પ્રયાસોમાંનો એક એટલે અસહકાર આંદોલન. વિદેશી ચીજ-વસ્તુઓનો બહિષ્કાર કરવાના ગાંધીજીના એલાનને સમગ્ર દેશમાં ખૂબ જ સફળ પ્રતિસાદ મળ્યો હતો. જોકે ચૌરીચૌરા હત્યાકાંડના પગલે ગાંધીજીએ આ આંદોલન સ્થગિત કર્યું હતું. આ સમગ્ર સમયગાળાને આ કક્ષમાં અદભુત રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો છે. વિદેશી કાપડની હોળી કરવાના દ્રશ્યો નજર સામેથી ખસતા નથી.

કક્ષ ૮ : 'સાયમન, સાયમન, ગો બેક' (૧૯૨૮)

અંગ્રેજ સરકારે નીમેલા સાયમન કમિશનમાં એક પણ ભારતીય ન હોવાથી સમગ્ર ભારતમાં તેનો વિરોધ થયો હતો. ઘટનાક્રમ એવો છે કે વિરોધ કરી રહેલા લાલા લજપતરાય લાહોરમાં લાઠીચાર્જથી ગંભીર રીતે ઘવાઈ ગયા હતા, અને થોડા દિવસ પછી તેઓનું મૃત્યું થયું હતું. આ ઘટનાની પૃષ્ઠભૂમિ પર આ ખંડ તૈયાર કરવામાં આવ્યો છે. લાઠીચાર્જ કરી રહેલ પોલીસ અને એનાથી ઘવાઈને ઢળી પડતા લાલા લજપતરાય - બંનેના પૂતળા તથા આસપાસનું દ્રશ્ય ખૂબ જ વાસ્તવિક લાગે છે.

કક્ષ ૯ : બારડોલી સત્યાગ્રહ (૧૯૨૮)

આપણે જાણીએ છીએ કે વલ્લભભાઈ પટેલે બારડોલીના ખેડૂતો પરના અન્યાયની સામે જે આંદોલન કર્યું તે 'બારડોલી સત્યાગ્રહ' તરીકે પ્રસિદ્ધ થયું છે. આ આંદોલનમાં વિજયી થનાર વલ્લભભાઈને મહાત્મા ગાંધીજીએ 'સરદાર' નું બિરૂદ આપ્યું હતું. અહીં, હિંચકામાં બેઠેલા સરદાર, ખેડૂતોની રજૂઆતને સાંભળી રહ્યા છે, અને તેઓને સત્યાગ્રહ માટે માર્ગદર્શન આપી રહ્યા છે, તેવું આબેહુબ દ્રશ્ય ખડું કરવામાં આવ્યું છે. સરદારની શાંત પરંતુ દ્રઢ મનોબળવાળી મુખાકૃતિ, હીંચકા પર ઝુલવાની તેઓની દેહમુદ્રા, સરદારમાં અનન્ય વિશ્વાસ છે તેવું દર્શાવતી સામે ઉભેલા ખેડૂતોની મુખાકૃતિઓ.... બધું જ અદભુત છે. આવી અલગ પ્રકારની મૂર્તિઓ બનાવનાર કારીગરો તો અભિનંદનને પાત્ર છે જ, પરંતુ આવું આયોજન કરનાર અધિકારીઓ પણ એટલા જ અભિનંદનને પાત્ર છે.

કક્ષ ૧૦ : દાંડીકૂચ (૧૯૩૦)

મીઠા પર લેવાતા કર વિરુદ્ધ દાંડીકૂચ કરીને મહાત્મા ગાંધીજીએ સમગ્ર દેશમાં આઝાદી માટેનો ઉત્સાહ જગાવ્યો હતો. અમદાવાદના સાબરમતી આશ્રમથી દક્ષિણ ગુજરાતના દાંડી ગામ સુધીનો ૩૭૫ કિલોમીટરનો પગપાળા પ્રવાસ કરતાં કરતાં ગાંધીજીએ ગામેગામ સ્વાતંત્ર્ય-સંગ્રામની જ્યોત પ્રગટાવી હતી. આ કક્ષમાં દાંડીના દરિયાકિનારે નીચા નમીને મીઠું હાથમાં લેતા મહાત્મા ગાંધીજીની અને તેમના પગપાળા સંગાથીઓની હૂબહુ પ્રતિમાઓની સુંદર દ્રશ્યાવલી રજૂ થઈ છે. આ કક્ષમાં પણ અનેક પ્રતિમાઓ નખશિખ અને સંપૂર્ણ છે. વળી, ખૂબ જ વિચારપૂર્વકના પ્રકાશ સંયોજનના ઉપયોગથી દ્રશ્ય દીપી ઊઠે છે. પ્રતિમાઓ સિવાય વિશાળ ખંડમાં આસપાસનું સમગ્ર વાતાવરણ આપણને જે તે સમયમાં ખેંચી જાય છે. અત્રે એ નોંધ લેવી જરૂરી છે કે જો આપે દાંડી ખાતેના નવા તૈયાર થયેલા મ્યુઝિયમની મુલાકાત ન લીધી હોય તો અચૂક લેજો. એ પણ જોવાલાયક સ્થળ છે.

કક્ષ ૧૧ : પાર્લામેન્ટ બોમ્બ બ્લાસ્ટ (૧૯૨૯)

આપણે અગાઉ જોયું કે 'સાયમન સાયમન ગો બેક' આંદોલન દરમિયાન ૩૦ ઓક્ટોબર ૧૯૨૮ ના રોજ, પંજાબ પોલીસના અધિક્ષક, જેમ્સ એ. સ્કોટ દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. આ લાઠીચાર્જમાં લાલા લજપતરાય ખરાબ રીતે ઘાયલ થયા હતા. સારવાર દરમિયાન ૧૭ નવેમ્બર ૧૯૨૮ ના રોજ તેમનું મૃત્યુ થયું હતું.

ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુએ લાલાજીની હત્યાનો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી અને જેમ્સ એ. સ્કોટને મારી નાખવાની યોજના બનાવી. બરાબર એક મહિના પછી, ૧૭ ડિસેમ્બર ૧૯૨૮ ના રોજ, ત્રણેય યોજના હેઠળ લાહોરમાં પોલીસ હેડક્વાર્ટરની બહાર પહોંચ્યા. જો કે, સ્કોટની જગ્યાએ આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ જોન પી સોન્ડર્સ બહાર આવ્યા હતા. ભગતસિંહ અને રાજગુરુને લાગ્યું કે આ સ્કોટ છે અને તેઓએ તેને ત્યાં ઠાર કરી દીધો.

આ ઘટના પછી ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે દિલ્હીની પાર્લામેન્ટમાં બોમ્બ વિસ્ફોટ કર્યો હતો. તે પછી ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ - એ ત્રણેય સ્વાતંત્ર સેનાનીઓને ૨૩ મી માર્ચ, ૧૯૩૧ ના રોજ ફાંસી આપવામાં આવી હતી. આ કક્ષમાં આ સંપૂર્ણ ઘટના ક્રમ પર આધારિત સુંદર દ્રશ્યાવલી પ્રસ્તુત કરવામાં આવી છે. ત્રણે સ્વાતંત્ર્યસેનાનીઓને ફાંસીએ લટકાવવામાં આવે છે, તે દ્રશ્ય ખૂબ જ અંતર વલોવી નાંખે તેવું છે.

કક્ષ ૧૨ : દ્વિતીય ગોળમેજી પરિષદ (રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ) (૧૯૩૧)

૧૯૩૦ માં લંડનમાં આયોજિત પ્રથમ ગોળમેજી પરિષદમાં કોઈ કોંગ્રેસી નેતા ગયા ન હોવાથી નિષ્ફળ થઈ હતી. તે પછી ૧૯૩૧ માં લંડનમાં દ્વિતીય ગોળમેજી પરિષદનું અંગ્રેજોએ આયોજન કર્યું હતું, જેમાં ગાંધીજી, ડૉ. આંબેડકર, સરોજિની નાયડુ વગેરે નેતાઓ હાજર રહ્યાં હતાં. ગાંધીજીની પૂર્ણ સ્વરાજની માંગને નકારવામાં આવતા આ પરિષદ પણ નિષ્ફળ ગઈ હતી. આ કક્ષમાં આ ઘટનાનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે.

ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ જેવા તો રોજ કેટલાય યુવાનો એ જમાનામાં આઝાદી માટે શહીદ થયા હતાં.... પરંતુ આજે એ આઝાદીની આપણને કોઈ કિંમત નથી. આપણા નાગરિકોમાં આપણી આઝાદીનો આવો ઈતિહાસ ઉજાગર કરીને તેઓમાં દેશભક્તિની ભાવના પ્રબળ બનાવવી જોઈએ. ખરેખર, આ દ્રષ્ટિએ આશાપુરા ગ્રુપ દ્વારા સર્જિત આ 'વંદે માતરમ' મેમોરીયલ આપણા દેશ માટે પ્રેરણાત્મક અને ઉપકારક છે.

(કક્ષ ૧૩ થી કક્ષ ૧૭ ની સુંદર દ્રશ્યાવલીઓની માહિતીસભર વાતો આવતા અંકમાં પ્રસ્તુત થશે.)

# રજા પર ગયેલા સૈનિકોએ રાષ્ટ્ર નિર્માણ માટે કામ કરવું જોઈએ

નવી દિલ્હી, ભારતીય સેના તેના જવાનોને સામાજિક સેવા અને સરકારી યોજનાઓને પ્રોત્સાહન આપવા માટે રજા પર પ્રોત્સાહિત કરી રહી છે. સેના જવાનોને રજાઓ દરમિયાન સામાજિક પ્રવૃત્તિઓમાં સામેલ થવાનું સૂચન કરી રહી છે. આ પ્રવૃત્તિઓમાં સ્થાનિક લોકોને સ્વચ્છ ભારત અભિયાન અને સર્વ શિક્ષા અભિયાન જેવી સરકારી યોજનાઓની માહિતી આપવાનો સમાવેશ થાય છે. સૈન્યના અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે એડજ્યુટન્ટ જનરલની શાખા હેઠળના સેનાના ડિરેક્ટોરેટ ઓફ સેરેમનીઝ એન્ડ વેલ્ફેરે મે મહિનામાં તમામ કમાન્ડ હેડક્વાર્ટરને પત્ર લખીને જવાનોને તેમની રજાઓનો સદુપયોગ કરવા અને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા વિનંતી કરી હતી. પત્રમાં કહેવામાં આવ્યું હતું કે રજા પર જતા દરેક સૈનિકે તેની રુચિ અને તેના સ્થાનિક સમુદાયની જરૂરિયાતના આધારે કોઈપણ વિષય પસંદ કરવો જોઈએ અને સ્થાનિક લોકોને તેના અભિયાનમાં સામેલ કરવા જોઈએ, સેનાના રાષ્ટ્ર નિર્માણના પ્રયાસમાં વ્યક્તિગત યોગદાન આપવું જોઈએ. આ સાથે દર ત્રણ મહિને ચલાવવામાં આવતી ઝુંબેશ પર ફીડબેક આપવાનું પણ કહેવામાં આવ્યું હતું. પત્રમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, 'ભારતીય સૈન્યના દરેક સૈનિકનો બાયોડેટા એક વિશિષ્ટ વ્યક્તિગત લક્ષણ, કૌશલ્ય સમૂહ અને સેવામાંથી મેળવેલા પાત્ર અને મૂલ્ય પ્રણાલીથી ભરેલો છે. અમારા માનવ સંસાધન પૂલમાં દેશના દરેક ખૂણાના લોકોનો સમાવેશ થાય છે, જેમાં વિવિધ પ્રદેશો અને સમુદાયોનો સમાવેશ થાય છે. મોટાભાગના સૈનિકો ગ્રામીણ પૃષ્ઠભૂમિના છે. રજા પર હોય ત્યારે અમારા સૈનિકો નાગરિકો અને સ્થાનિક સમુદાયોના જીવનને પ્રભાવિત કરી શકે છે, જેનાથી અમારા રાષ્ટ્ર નિર્માણના પ્રયત્નોમાં ઉમેરો થાય છે. લશ્કરી બાબતોના નિષ્ણાત લેફ્ટનન્ટ જનરલ વિનોદ ભાટિયા (નિવૃત્ત) કહે છે કે સૈનિકોએ રાષ્ટ્ર નિર્માણ અને તેમના સ્થાનિક સમુદાયોની સુખાકારીમાં યોગદાન આપવું જોઈએ. જો કે જિલ્લા વહીવટી તંત્ર અને સ્થાનિક પોલીસ તેમને મદદ કરે તે પણ જરૂરી છે. તેમજ તેઓ જે પણ સમસ્યાનો સામનો કરે છે તેનું નિરાકરણ લાવે છે અને તેમની ફરિયાદોનું નિરાકરણ કરે છે.

**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**ટીઆરડી એસેટ્સની વિશ્વસનીયતા સુધારણાનું કાર્ય**

**ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/EL/TRD/2023-2024/15 તા. 01.09.2023; ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001; **વેબસાઈટ ની વિગત: www.ireps.gov.in; ટેન્ડર નં. DRM-RJT-EL-TRD-2023-24-15; (i) કામનું નામ:** રાજકોટ ડિવિઝનના દરિયાકાંઠાના વિસ્તારમાં ટીઆરડી એસેટ્સની વિશ્વસનીયતા સુધારણાનું કાર્ય; **(ii)અંદાજિત ખર્ચ:** ₹ 1,50,86,970.82/-; **(iii) અર્નેસ્ટ મની:** ₹ 2,25,400/-; **(iv) ઓનલાઈન અરજી કરવા માટે તારીખ અને સમય:** 29.09.2023 ના 15:00 કલાક સુધી; **(v) ચાર્જેબલ હેડ: CAP-20-3673-03** 69

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## અશોકા મેટકાસ્ટ લિમીટેડ

**CIN: L70101GJ2009PLC057642**

રજીસ્ટર્ડ ઓફીસ: ૭મે માળ, અશોકા ચેમ્બર્સ, મીઠાખળી છ રસ્તા, અમદાવાદ ૩૮૦૦૦૬.

ફોન નં. : ૦૭૯ ૨૬૪૬૩૨૨૬. E-mail ID: info@ ashokametcast.in, Website: www.ashokametcast.in

**વાર્ષિક સામાન્ય સભા, ઈ-વોટીંગ માહિતી તથા બુક બંધ થવાની તારીખની નોટિસ**

આથી સભ્યોને જણાવવામાં આવે છે કે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના પરિપત્ર નં ૧૪/૨૦૨૦ તા. ૮મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં ૧૭/૨૦૨૦ તા. ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ અને પરિપત્ર નં ૨૦/૨૦૨૦ તા. ૫મી મે, ૨૦૨૦ (એમ.સી.એ. પરિપત્રો) તથા સિકયોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્ર નં SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨મી મે, ૨૦૨૦ (સેબી પરિપત્ર) અને અન્ય તમામ સંબંધિત પરિપત્રો સમયાંતરે જારી કરવામાં આવેલ છે તેને ધ્યાનમા રાખીને કંપનીના સભ્યોની વાર્ષિક સામાન્ય સભા (એ.જી.એમ.) તા. ૨૯મી, સપ્ટેમ્બર ૨૦૨૩, ના રોજ બપોરે ૩:૩૦ વાગે વિડિયો કોન્ફરન્સ (વી.સી.) અન્ય ઓડિયો વિઝ્યુલ માધ્યમ (ઓ.એ.વી.એમ.) દ્વારા યોજાશે, જેમા એ.જી.એમ. નોટિસમા દર્શાવવામાં આવ્યા મુજબના બિઝનેસ હાથ ધરાશે.
કંપની એક્ટ, ૨૦૧૩ની કલમ ૯૧ તથા સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના, રેગ્યુલેશન ૪૨ અનુસાર સભ્યોનું પત્રક તથા શેર ટ્રાન્સફર બુક ૨૩મી સપ્ટેમ્બર ૨૦૨૩ થી ૨૯મી, સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી બંધ રહેશે. (બંને દિવસો સહિત)
એમ.સી.એ. પરિપત્રો તથા સેબી પરિપત્રોને ધ્યાનમાં રાખીને કંપનીની વાર્ષિક સામાન્ય સભાની જાણ કરતી નોટિસ તથા નાણાકિય વર્ષ ૨૦૨૨-૨૩ માટેનો વાર્ષિક અહેવાલ, ઈલેકટ્રોનિક માધ્યમથી જે સભ્યોના ઈમેઈલ આઈડી કંપની તથા રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ તથા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સમક્ષ નોધાયેલા છે તેમને મોકલવામાં આવ્યા છે.

**રીમોટ ઈ-વોટીંગ :**
કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮, કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) અમેન્ડમેન્ટ રૂલ્સ, ૨૦૧૫ના નિયમ ૨૦ અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના, રેગ્યુલેશન ૪૪ અન્વયે કંપની એ.જી.એમ.ની નોટીસમાં દર્શાવેલા કામકાજ અંગે વાર્ષિક સામાન્ય સભામાં ઈલેકટ્રોનિક માધ્યમથી મત આપી શકે તે માટે સભ્યોને **સી.ડી.એસ.એલ.** ના માધ્યમથી રીમોટ ઈ-વોટીંગની સુવિધા પુરી પાડે છે. સભ્યોને મોકલવામાં આવેલી એ.જી.એમ.ની નોટીસમાં રીમોટ ઈ-વોટીંગ અંગે વિસ્તૃત સૂચના આપવામાં આવી છે.કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અન્વયે પૂરી પાડવામાં આવતી વિગતો તથા નિયમો નીચેમુજબ છે :

૧. રીમોટ ઈ-વોટીંગ માટેની કટ ઓફ ડેટ ૨૨મી **સપ્ટેમ્બર** ૨૦૨૩છે.
૨. ઈ-વોટીંગની સમયમર્યાદા: ઈ-વોટીંગ **૨૬મી સપ્ટેમ્બર** ૨૦૨૩ના સવારે ૯:૦૦ કલાકે શરૂ થશે અને ૨૮મી, **સપ્ટેમ્બર** ૨૦૨૩ના સાંજે ૫:૦૦ કલાકે પૂર્ણ થશે.
૩. જો કોઈ વ્યક્તિ એ.જી.એમ.ની નોટીસ મોકલ્યા બાદ શેર હસ્તગત કરે અને કંપનીના સભ્ય બને તથા ૨૨મી **સપ્ટેમ્બર** ૨૦૨૩ની કટ ઓફ તારીખ સુધીમાં શેર ધરાવતા હોય, તો તે એ.જી.એમ.ની નોટીસમાં દર્શાવેલી રીમોટ ઈ-વોટીંગની સૂચના અને પ્રક્રિયા અનુસરીને તેમનો મત આપી શકે છે.
૪. જે વ્યક્તિનું નામ કટ ઓફ તારીખ સુધીમાં સભ્યોના રજિસ્ટરમાં હોય અથવા ડીપોઝીટરીઝ દ્વારા જાળવવામાં આવતા બેનીફીશીયલ ઓનર્સના રજિસ્ટરમાં હોય, તે જ એ.જી.એમ.માં મત આપવા તથા રીમોટ ઈ-વોટીંગની સુવિધાનો ઉપયોગ કરવા હકદાર રહેશે, તેમ છતાં, જો કોઈ વ્યક્તિ પહેલાથી જ **સી.ડી.એસ.એલ.**માં રીમોટ ઈ-વોટીંગ માટે નોંધાયેલી હોય, તો વર્તમાન યુઝર આઈ.ડી. અને પાસવર્ડ મત આપવા માટે ઉપયોગમાં લઈ શકાશે.
૫. જો સભ્યો વી.સી. / ઓ.એ.વી.એમ. સુવિધા દ્વારા એ.જી.એમ.માં ભાગ લેતા હોય અને જેમણે રીમોટ ઈવોટીંગ દ્વારા મત ન આપ્યો હોય, તે સભ્યો એ.જી.એમ.માં ઈવોટીંગ દ્વારા મત આપી શકશે.
૬. સભ્યો રીમોટ ઈવોટીંગ દ્વારા મત આપ્યા બાદ પણ એ.જી.એમ.માં વી.સી. / ઓ.એ.વી.એમ. સુવિધા દ્વારા ભાગ લઈ શકશે, પરંતુ એ.જી.એમ.માં ફરી મત નહી આપી શકે.
૭. ઈવોટીંગ કરવાની, વી.સી. / ઓ.એ.વી.એમ. સુવિધા દ્વારા એ.જી.એમ.માં ભાગ લેવાની તથા શેરહોલ્ડર્સ દ્વારા ઈમેઈલ આઈડી નોંધવાની પ્રક્રિયા એ.જી.એમ.ની નોટિસમાં આપવામાં આવેલ છે. એ.જી.એમ.ની નોટિસ, કંપનીની વેબસાઈટ www.ashokametcast.in સી.ડી.એસ.એલ.ની વેબસાઈટ www.evotingindia.com અને બી.એસ.ઈ.ની વેબસાઈટ www.bseindia.com પર ઊપલબ્ધ છે.
૮. ઈ-વોટીંગને લગતો કોઈ પ્રશ્ન હોય તો સભ્યો/ બેનીફીશીયલ ઓનર્સ www.evotingindia.com પર ઉપલબ્ધ ફ્રિકવન્ટલી આસ્કડ કવેશ્વન્સ અને ઈ-વોટીંગ યુઝર મેન્યુઅલમાંથી માહિતી મેળવી શકે છે અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેઈલ કરી શકે છે તથા ૧૮૦૦ ૨૨૫૫૩૩ ટોલ ફ્રી નંબર પર ફોન કરી શકશે.

સ્થળ: અમદાવાદ
તારીખ: ૦૭.૦૯.૨૦૨૩

**અશોકા મેટકાસ્ટ લિમીટેડ**
બોર્ડ ઓફ ડિરેકટર્સના આદેશથી
સહી/-
**અશોકા શાહ**
**મેનેજીંગ ડીરેકટર**
ડીઆઇએન : ૦૨૪૬૭૮૩૦

### જાહેર નોટીસ

**આથી જણાવવાનુ કે સ્ટેટ એનવાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી (SEIAA) ગુજરાત તેઓના ઓર્ડર ક્રમાંક SEIAA/GUJ/EC/5(f)/1565/2022 તાઃ ૩૧.૦૫.૨૦૨૨ થી એલીક્ષીર ફાર્મા, પ્લોટ નંબર ૧૬૪/એ, ૧૬૪/બી, ફેઝ - ૨, જી.આઈ.ડી.સી., નરોડા, અમદાવાદ – ૩૮૨૩૩૦, ગુજરાત ને EIA ના તાઃ ૧૪.૦૯.૨૦૦૬ ના નોટીફીકેશન હેઠળ સિન્થેટીક ઓર્ગેનીક કેમિકલ્સ (API's અને તેના Intermediates) ના ઉત્પાદન કરવાના પ્લાંટ એક્ષપાનશન માટે એનવાયરમેન્ટ કલીયરન્સ (EC) મંજુર કરેલ છે.**

## સચેતા મેટલસ લિમીટેડ

**CIN:** L27100GJ1990PLC013784

રજિસ્ટર્ડ ઓફિસઃ સચેતા ઉદ્યોગ નગર , કૉલેજ પાસે , ગામ - મહીયલ , તાલુકો - તલોદ , જિલ્લો - સાબરકાંઠા , પીન -૩૮૩૨૧૫, ગુજરાત
ફોન નં. : +૯૧ - ૦૨૭૭૦-૨૨૧૭૩૯/૨૨૧૨૩૯ ઈ-મેઈલ : sacheta@sacheta.com

**૩૩મી વાર્ષિક જનરલ મીટીંગ, ઈ-વોટીંગ અને બુક કલોઝર**

**વાર્ષિક જનરલ મીટીંગ**
આથી નોટીસ આપવામાં આવે છે કે એજીએમની નોટીસમાં નિર્ધારીત મુજબના વ્યવસાયના વ્યવહારો કરવા માટે સચેતા મેટલ્સ લિમિટેડ (ધી કંપની) ના સભ્યોની ૩૩મી વાર્ષિક જનરલ મીટીંગ (એજીએમ અથવા મીટીંગ) કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ખાતે શનિવાર, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે (ભારતીય સમયે) યોજવામાં આવશે.
૧૩ મે, ૨૦૨૨ ની તારીખના સેબી પરિપત્ર નં. સેબી/એચઓ/સીએફડી/સીએમડીર/સીઆઈઆર/પી/૨૦૨૨/૬૨ ના અનુપાલનમાં, એવા સભ્યો જેમના ઇ-મેઈલ એડ્રેસીઝ કંપની અથવા રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ અને ડિપોઝીટરીઝ પાસે નોંધાયેલા છે તેમને વાર્ષિક રિપોર્ટ ૨૦૨૨-૨૩ સહિત ૩૩મી એજીએમની નોટીસ માત્ર ઈલેક્ટ્રોનિક મોડ મારફતે ૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ મોકલી દેવામાં આવી છે.
એજીએમની નોટીસની પ્રત્યક્ષ કોપીઓ મોકલવાની આવશ્યકતા એમસીએ પરિપત્રો અને સેબી પરિપત્રથી સમાપ્ત કરી દેવામાં આવી છે. બીજી બાબતોની સાથે, નોટીસ અને ૩૩મી એજીએમના વિવરણાત્મક નિવેદન સમાવતો કંપનીનો વાર્ષિક રિપોર્ટ ૨૦૨૨-૨૩, www.sacheta.com ખાતે કંપનીની વેબસાઈટ અને www.bseindia.com જેવા સ્ટોક એક્સચેન્જીસની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. તેની જ કોપી www.evoting.nsdl.com ખાતે નેશનલ સિક્યોરીટીઝ ડિપોઝીટરી લિમિટેડ (એનએસડીએલ) ની વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ છે.

**રિમોટ ઈ-વોટીંગ:**
સમય સમય પર સુધારેલ મુજબ, કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦ સાથે વંચાતી કંપની એક્ટ, ૨૦૧૩ (ધી એક્ટ) ની કલમ ૧૦૮, ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જનરલ મીટીંગ્સ ઉપર આપવામાં આવેલા સેક્રેટેરીયલ સ્ટાન્ડર્ડ્સ (એસએસ-૨) અને સેબી (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વારમેન્ટ્સ) રેગ્યુલેશન, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ ના અનુપાલનમાં, એજીએમ ખાતે કરાનારા વ્યવસાયના વ્યવહારોના સંબંધમાં કંપની તેના સભ્યોને એજીએમ પૂર્વે રિમોટ ઇ-વોટીંગની સુવિધા પૂરી પાડી રહી છે અને આ હેતુ સર, કંપનીએ ઈલેક્ટ્રોનિક માધ્યમો મારફતે સુવિધાજનક મતદાન માટે એનએસડીએલની નિમણૂક કરી છે.
રિમોટ ઇ-વોટીંગ માટે વિગતવાર સૂચનાઓ એજીએમની નોટીસમાં આપવામાં આવી છે. સભ્યોને નીચે જણાવ્યા મુજબ નોંધ લેવા વિનંતી કરવામાં આવે છેઃ

એ. રિમોટ ઇ-વોટીંગ સુવિધા નીચે જણાવ્યા મુજબના સમયગાળા દરમિયાન ઉપલબ્ધ રહેશેઃ
ઇ-વોટીંગ સમયગાળો બુધવાર, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ (ભારતીય સમયે સવારે ૧૦.૦૦ કલાકે) શરૂ થશે અને શુક્રવાર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ (ભારતીય સમયે સાંજે ૫.૦૦ કલાકે) સમાપ્ત થશે.એનએસડીએલ દ્વારા ત્યારબાદ ઇ-વોટીંગ મોડ્યુલ અક્ષમ કરવામાં આવશે અને સભ્યોને કથિત તારીખ અને સમયથી આગળ ઈલેક્ટ્રોનિકલી મત આપવાની પરવાનગી આપવામાં આવશે નહીં.
બી. સભ્યોના મતાધિકારો કટ-ઓફ તારીખ, શનિવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ મુજબ કંપનીની ભરપાઈ થયેલ ઈક્વિટી શેર મૂડીમાં તેમના હિસ્સાના પ્રમાણમાં રહેશે. મીટીંગમાં ઉપસ્થિત સભ્યો, જેમણે રિમોટ ઇ-વોટીંગ દ્વારા અગાઉથી તેમના મત આપ્યા ન હોય તેઓ મીટીંગ દરમિયાન મતદાન દ્વારા તેમના અધિકારનો ઉપયોગ કરી શકશે. વ્યક્તિ જેમનું નામ કટ-ઓફ તારીખના રોજ મુજબ સભ્યોના રજીસ્ટર/લાભાર્થી માલિકોના રજીસ્ટરમાં નોંધાયેલું હશે માત્ર તેઓ જ એજીએમ પૂર્વ રિમોટ ઇ-વોટીંગની સુવિધા મેળવવા હકદાર રહેશે.
સી. કોઈપણ વ્યક્તિજેમણે કંપનીના શેરો હસ્તગત કર્યા હોય અને નોટીસની રવાનગી પછી કંપનીના સભ્ય બન્યા હોય અને કટ-ઓફ તારીખ મુજબ શેરો ધરાવતા હોય, તેઓ evoting@nsdl.co.in ખાતે વિનંતી મોકલવા દ્વારા અથવા એનએસડીએલ દ્વારા અપાયેલ મુજબ, ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૨ ૪૪ ૩૦ અને ૧૮૦૦ ૧૦૨૦ ૯૯૦ ઉપર સંપર્ક કરવા દ્વારારિમોટ ઇ-વોટીંગ માટે લોગીન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. વ્યક્તિ જે કટ-ઓફ ઓફ તારીખ મુજબ સભ્ય ન હોય તેમણે એજીએમની નોટીસને માત્ર માહિતીના હેતુ માટે માનવાની રહેશે.
સભ્યો જેમણે મીટીંગથી પૂર્વ રિમોટ ઇ-વોટીંગ દ્વારા તેમનો મત આપી દીધો હોય તેઓ પણ મીટીંગમાં ઈલેક્ટ્રોનિકલી ઉપસ્થિત રહી શકશે, પરંતુ ફરીથી મત આપવા હકદાર રહેશે નહીં.

**ઇ-મેઈલ એડ્રેસીઝની નોંધણી :**
સભ્યો જેમણે હજી સુધી તેમના ઇ-મેઈલ એડ્રેસીઝ નોંધાવ્યા નથી તેમને, એજીએમની નોટીસ અને વાર્ષિક રિપોર્ટ ૨૦૨૨-૨૩ અને રિમોટ ઇ-વોટીંગ માટે લોગીન આઈડી આઈડી અને પાસવર્ડ ઈલેક્ટ્રોનિકલી મેળવવા, શનિવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ સાંજે ૫.૦૦ કલાક (ભારતીય સમય) પહેલાં, તેમના ઇ-મેઈલ એડ્રેસીઝ નોંધાવી દેવાની વિનંતી કરવામાં આવે છે.

**કંપની પાસેથી (વાર્ષિક રિપોર્ટ સહિત) તમામ સંદેશાવ્યવહાર ઈલેક્ટ્રોનિકલી મેળવવા :**
(એ) ભૌતિક મોડમાં શેરો ધરાવતા અને જેમણે તેમના ઈમેઈલ એડ્રેસ કંપની પાસે નોંધાવ્યા/અપડેટ કરાવ્યા ન હોય તેવા સભ્યોને investor.grivence@sachea.com અથવા support@purvashare.com ખાતે કંપનીને ફોલિયો નંબરની વિગતો લખવા અને પાન કાર્ડની સ્વંય પ્રમાણિત જોડવા દ્વારા તેને નોંધાવવા/અપડેટ કરાવવાની વિનંતી કરવામાં આવે છે.
(બી) ડિમટીરીયલાઈઝ્ડ મોડમાં શેરો ધરાવતા સભ્યોને સંબંધિત ડિપોઝીટરી સહભાગી પાસે તેમના ઈમેઈલ એડ્રેસ નોંધાવવા/અપડેટ કરાવવાની વિનંતી કરવામાં આવે છે. ભૌતિક મોડમાં શેરો ધરાવતા, સભ્યોને તેમના સરનામા અથવા બેંક વિગતોમાં થયેલ ફેરફાર કંપનીને અથવા પૂર્વા શેરગ્રીસ્ટ્રી ઈન્ડિયા પ્રા. લિ., યુનિટઃ સુચેતા મેટલ્સ લિ., ગાલા નં. ૯, શિવ શક્તિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સીતારામ મિલ કમ્પાઉન્ડ, જે.આર.બોરીચા માર્ગ, મુંબઈ-૪૦૦૦૧૧ જેવા રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આરટીએ) ને જણાવવાની વિનંતી કરવામાં આવે છે.
તેઓ જે ડિમટીરીયલાઈઝ્ડ રૂપમાં શેરો ધરાવે છે તેમના સરનામા અથવા બેંક વિગતોમાં થયેલ કોઈપણ ફેરફાર તાત્કાલિક તેમના ડિપોઝીટરી સહભાગી(ઓ) ને જણાવવાનું ફરજીયાત છે. કંપની અથવા તેમના આરટીએ ડિમટીરીયલાઈઝ્ડ રૂપમાં શેરો ધરાવતા કોઈપણ સભ્ય પાસેથી એવી વિગતો માટે કોઈપણ ફેરફારની મળેલ કોઈપણ વિનંતી ઉપર પ્રત્યક્ષરૂપે કાર્યવાહી કરી શકતા નથી. એવા ફેરફાર માત્ર સભ્યોના ડીપી દ્વારા જ કરાવવાની સલાહ આપવામાં આવે છે.

**બુક કલોઝર :**
વધુમાં નોટીસ આપવામાં આવે છે કે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૯૧ અને તેની હેઠળ ઘડાયેલા નિયમોના અનુસંધાનમાં, સભ્યોનું રજીસ્ટર અને કંપનીની શેર ટ્રાન્સફર બુક્સ શનિવાર, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ થી શનિવાર, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ (બંને દિવસો સહિત) સુધી ૩૩મી એજીએમના હેતુસર બંધ રહેશે.

**સચેતા મેટલ્સ લિમિટેડ માટે**
**સહી/-**
**સતિષકુમાર કેશવલાલ શાહ**
**મેનેજીંગ ડાયરેકટર**

**સ્થળઃ મુંબઈ**
**તારીખઃ ૫ સપ્ટેમ્બર ,૨૦૨૩**